

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*સત્તાનો ઉકરડો ખૂંદી ખૂબ પેટ ભરી ખાધું!*
*આંખો મીંચી, મૂલ્યો સામે કોટિ કૌભાંડો કરી ખાધું!*
*ફરી ખાધું, ઉડયા આકાશે, છોડયો ધરતીથી નાતો -*
*ગાંધીજીની સેવા અને સત્યને ખૂબ ચરી ખાધું!!*
*(જી-૨૩ને હવે ઓડકાર આવે છે!! સત્તાના ગચરકા)*

#### હાઈકુ

*મંથન પછી -*
*નિકળ્યું ઝેર, હવે -*
*'શંકર' શોધો!*
*(ખાયકીનું સમુદ્રમંથન)*

*આકાશ છોડી -*
*આવો ધરતી પર -*
*રાહુલભાઈ!!*
*(ડાન્સ છોડી-તાંડવ કરો)*

### ચિંતન

***પીછે ચાહે ચાકરી, પહેલે મહના દેત,***
***સાહબ કો શિર સૌંપતે, ક્યોં કસરત હૈ દૈહ ??***

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**મૃત્યુલોકનાં આપણે માનવીઓને માથે કુટુંબ પરિવારનાં ભરણપોષણની જવાબદારી રહેલી છે. પોતાના અને સૌ કુટુંબીજનોનાં જીવન નિર્વાહ માટે અનેક પ્રકારની જવાબદારી અને જરૂરિયાત રહે છે. અને એ જરૂરિયાત પુરી કરવા માટે મનુષ્યો કામ-ધંધો કે નોકરી કરી ધન મેળવવું જ પડે છે. નોકરી કરી તે પગારરુપે ધન મેળવે છે અને તેનાંથી પોતાની અને કુટુંબની જરૂરિયાત પુરી કરે છે. પગાર તો તેને મહિનો નોકરી કર્યા પછી જ મળે છે. પહેલાં કામ અને પછી દામ. આ માટે કબીર કહે છે કે જે શેઠ જે માલિક તારા ખોરાક અને પાણીની સર્વ સુવિધા પહેલેથી જ કરી રાખે છે અને પછી તારી પાસે નોકરી એટલે કે તેનું નામ સ્મરણ અને સદ્કર્મોની અપેક્ષા રાખે છે. તે છથાં એવાં માલિકની નોકરી દિલથી કરવાનું તને કેમ સૂઝતું નથી? આવા સાહેબ એટલે ઈશ્વરને શરણે જવામાં હે મૂર્ખ મનુષ્ય! તારું મન અને દેહ કમ અચકાય છે?**

### સુવિચાર

- વૃત્તિ વિના સૃષ્ટિનું રહસ્ય જાણી શકાતું નથી - **વિનોબા**
- જે ઈશ્વરને પિછાણે છે તે નમ્ર છે, જે પોતાને ઓળખે છે તે અભિમાની ન થઈ શકે - **જનકલ્યાણ**
- કહેવાય છે કે પડોશીની મરઘી હંસ જેવી જણાય છે - **મૈડમ કેઈલી**
- જયારે મનુષ્ય ઉપાસનાનો આરંભ કરે છે ત્યારે તે પ્રગતિના પગરણ ભરવાં શરૂ કરે છે - **સંત ઓગસ્ટીન**
- અન્યને ઉપદેશ આપતી વખતે બધા સજ્જન થઈ જાય છે, પરંતુ જયારે પોતાને એવું આચરણ કરવાનો અવસર આવે છે ત્યારે તેઓ સજ્જનથી વિમુખ થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે વૃક્ષ પર સમય કરતાં વહેલા ફૂલ આવે છે તે વૃક્ષનાં ફળ સારાં હોતાં નથી - **લક્ષ્મીનારાયણ મિશ્રા**
- આજનું ઔષધ : રાત્રે પા ચમચી દિવેલમાં ચપટી સંચળ પાઉડર ચાટવાથી સૂકી ઉધરસ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ગામમાં એક ધર્માચાર્ય રહેતા હતા. લોકોમાં તેમની સારી ખ્યાતિ અને સદ્ગુરુની છાપ હતી. એ ગામમાં બીજા એક ધર્મગુરુ આવ્યા. એ ધર્મગુરુ આખા દેશમાં વિદ્વાન અને ખ્યાતિપ્રાપ્ત હતા. ગામના સૌગ્રામજનો મોટા ધર્મગુરુ આવવાથી ખૂબ રાજી થયા. ગામ લોકોએ એમનું સન્માન કરવાનું અને સત્સંગ સભા કરવાનું ભવ્ય આયોજન કર્યું. આ બધું જોઈને પેલા નાના ધર્મગુરુને જલન શરૂ થઈ. તેમને ડર લાગ્યો કે આ મોટા ધર્મગુરુને લીધે મારી નામના ઘટી જશે. એમણે વિચાર્યું કે કોઈ એવો રસ્તો કાઢવો પડે કે મારી આબરૂ સચવાઈ જાય અને એમની આબરૂ જાય. સન્માનનો કાર્યક્રમ શરૂ થયો. પેલા મોટા ધર્મગુરુએ ગ્રામજનો ને સત્સંગ વાતો પ્રવચનમાં કહેવાની શરૂઆત કરી ત્યાં પેલા નાના ગુરુએ કહ્યું, 'મહારાજ, એક મિનિટ, ધર્મની વ્યાખ્યા જરા બતાવશો. ધર્મ એટલે શું એ જરા વિસ્તારથી સમજાવો પછી બીજી વાત કરજો. મોટા ધર્મગુરુ અનુભવી હતા તેઓ તરત જ સમજી ગયા કે આને જલન થઈ છે. એટલે એમને યુક્તિ કરી. વ્યાસપીઠથી નીચે ઊતરી પેલા નાના ધર્મગુરુના પગ પકડી લીધા. અને કહ્યું, 'મને કંઈ નથી આવડતું, આપ જ ધર્મની વ્યાખઅયા કરી દો ને!!' નાનો ધર્મગુરુ પોરસાઈ ગયો અને અડધો કલાક ધર્મની વ્યાખ્યા કરી નીચે ઉતરતો હતો ત્યારે પેલા મોટા ધર્મગુરુએ નાનાગુરુની દાઢીમાંથી એક વાળ ખેંચી લીધો, લોકોએ પૂછ્યું, 'આપે આમ કેમ કર્યું?' પેલા મોટા સદ્ગુરુએ કહ્યું, 'આ ગુરુદેવ તો ખૂબ સિદ્ધ છે અને એમની દાઢીના વાળમાં ખૂબ તાકાત છે. હું તેને પૂજામાં રાખીને રોજ પૂજા કરીશ.' ખલાસ, આ સાંભળ્યું અને ગ્રામલોકો એ નાના ધર્મગુરુ પર હલ્લો કર્યો અને દાઢી મૂંછનાં બધા વાળ ખેંચી કાઢ્યા.

# કેરળમાં ભાજપ નવો દાવ ખેલે છે

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીનો વિસ્તાર નિરંતર વધતો જાય છે. જયાં એના માટે પગ મૂકવાની જગ્યા નહોતી ત્યાં એ સુવાંગ સત્તા હાંસલ કરવાનાં પ્રયાસો કરે છે. આગામી દિવસોમાં આવી રહેલ વિધાનસભાની ચૂંટણીમાં એણે પૂર્વ છેડે આસામ અને બંગાળ તથા દક્ષિણમાં તમિલનાડુ, પુડુચેરી અને કેરળમાં પૂરો નહીં તો અડધો પડધો કેસરિયો લહેરાવવાની યોજના ઘડી કાઢી છે. આસામમાં વર્તમાન મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલના નેતૃત્વ હેઠળ ચાના બગીચા અને બાંગ્લાદેશી ઘૂસણખોરોની હકાલપટ્ટી ઉપરાંત 'રામ'ના નામે પુનઃ સત્તારૂઢ થવા માગે છે. પં. બંગાળના મમતા બેનરજીના ગઢને રામના નામનું બાણ ચલાવી તોડી પાડવાની મંશા ધરાવે છે. પુડુચેરીમાં સાનુકૂળ રાજયપાલ હસ્તકના તંત્ર દ્વારા કોંગ્રેસને તથા ડીએમકેને પછડાટ આપવા કૃતસંકલ્પ છે. તમિલનાડુમાં વર્તમાન એઆઈડીએમકે સાથે ગઠબંધન ચાલુ રાખી સત્તામાં સામેલ થવા માગે છે અને જયાં એને માટે 'પ્રવેશ નિષેધ' જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે એવા કેરળમાં હિંદુ વોંટબેંક પર અય્યપ્પા સ્વામાની રૂઢ પરંપરાઓનું સમર્થન કરી કોંગ્રેસ અને ડાબેરી - બેઉ મુખ્ય પરિબળોને હંફાવવા માગે છે. કેરળમાં પાર્ટીનું સંગઠન તો છે, પણ સ્થાનિક નેતાઓનો કોઈ વિશેષ પ્રભાવ નથી. આરએસએસના સમર્થકો છાશવારે માર ખાતા રહે છે. મુસ્લિમ-ખ્રિસ્તી બહુમતીમાં પગપેસરો કરવો અશક્ય નહીં તો અઘરો તો છે જ. સૌથી વધુ શિક્ષિત ગણાતા આ હરિયાળા પાણીદાર પ્રદેશમાં અત્યાર સુધી કોંગ્રેસ અને ડાબેરીઓ વારાફરતી રાજ કરતા રહ્યા છે. રાહુલ ગાંધીની રાજકીય કારકિર્દી વાયનાડની બેઠકે બચાવી હતી તે યાદ હશે. આથી અદલ દિલ્હીની વિધાનસભાની ચૂંટણી વખતે અગાઉ કિરણ બેદી જેવાં આંતરરાષ્ટ્રીય સેલિબ્રિટીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે 'હોળીનું નારિયેળ' બનાવાયા હતાં એ જ રીતે કેરળમાં દેશનાં 'મેટ્રોમેન' તરીકેની પ્રતિષ્ઠા ધરાવતા ટેકનોક્રેટ પદ્મવિભૂષણ શ્રીધરનને આગળ કરાયા છે.

શ્રીધરન વિશે દેશ આખો ઊંછો અભિપ્રાય ધરાવતો હોય ત્યારે વતનના રાજયમાં તો એમને વધાવી જ લેવાશે એવાં સપના ભાજપને હોય તે સહજ છે. વયોવૃદ્ધ શ્રીધરન અઠ્યાસી વર્ષની ઉંમરે ચૂંટણી લડી કેરળની ધુરા સંભાળવા તૈયાર થયા છે. પાર્ટીએ બનાવેલ પ્રોટોકોલ મુજબ ૭૫ વટાવી ચૂકેલ નેતાઓને આરામ આપી દેવાતો રહ્યો છે. શ્રીધરન તો હજી ગયે અઠવાડિયે જ પાર્ટીમાં સામેલ થયા છે અને પાછા સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે હું રાજકારણીઓની જેમ નહીં પણ ટેકનોક્રેટની જેમ જ વહીવટ કરીશ. વળી ઉંમર સંદર્ભે તો આ મહત્ત્વાકાંક્ષી મેટ્રોમેન મનની ઉંમરને મહત્ત્વ આપે છે. પોતે મનથી યુવાન હોવાનું જણાવતા મેટ્રોમેનની ઓળખ તો દુનિયાને દિલ્હીનાં ભૂતપૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી શીલા દીક્ષિતે કરાવી હતી. મેટ્રો રેલને સફળતાપૂર્વક સડસડાટ દોડાવી શકનાર એન્જિનિયર નરેન્દ્ર મોદીની વિકાસની ટ્રેનને કેરળના અડાબીડ અરણ્યમાં કેવી કુનેહપૂર્વક ચલાવી જાણે છે તે જોવું રસપ્રદ બની રહેશે. અશક્યવત લાગતી બાબતો પણ કયારેક ચમત્કારિક રીતે સાચી પડતી હોય છે. જો એમ થશે તો જરૂર શ્રીધરન અને એમના હોમ સ્ટેટ કેરળનો ઈતિહાસ નવેસરથી લખાશે.

# કોરોનાની રસીની આડઅસર છે?

## કોરોનાની રસી બધાએ મુકાવવી જોઈએ? કોરાનાની રસી કયાં સુધી કામ કરી શકે?



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

ડાહ્યાલાલ, ગાંડાલાલ, વિપુલ અને નિલેશ બધા પોતપોતાની જગ્યા પર ગોઠવાઈ ગયા હતા. ડાહ્યાલાલ બોલ્યા... ચૂંટણી, ક્રિકેટ મેચ અને લગ્નના મેળાવડા પુરા થઈ ગયા. કયાંક કસીય તકલીફ નથી. લોકો માસ્ક પહેરીને, સોશિયલ ડિસ્ટન્સીંગ રાખી સારી રીતે સરકારના નિયમોનું પાલન કરે છે. એવું પણ નથી કે બધા જ માસ્ક પહેરે છે. અમુક વર્ગ એવો છે કે જે લોકો હજુ પણ કોરોનાની ચિંતા કરતા નથી. અમુક વર્ગ વધારે પડતી ચિંતા કરે છે. પણ ભગવાનની દયાથી આપણા દેશમાં કોરોનાને રોકવામાં આપણે સફળ થયા છીએ. કોરોનની રસી ડૉકટર્સ, નર્સ અને અન્ય પેરામેડિકલ સ્ટાફને આપવાના કામ પૂરા થઈ ગયા છે. ઘણા લોકો હજી પણ વેક્સિન માટે ઉદાસીન છે. અને ઘણા લોકો વેક્સીનની અડઅસરથી ગભરાય છે ખરેખર સાચું શું છે? અત્યારે ૬૦ વર્ષથી વધારે વયવાળાને રસી આપવાનું કામ ચાલુ છે. સિનિયર સિટિઝનમાંપણહજુ મુંઝવણ છે. રસી લેવી જોઈએ કે નહીં? રસી કયાં મળે છે? રસીમંઆડઅસર થશે ? રસીકરણથી શું થશે ?

હમણાં એક ઉંમરલાયક દાદા સાથે વાત થઈ. જો રસી લીધા પછી માસ્ક બાંધવાન હોય, સોશિયલ ડિસ્ટન્સીંગ રાખવાનું હોય તો પછી રસીનો શું મતલબ છે? એ દાદાને સમજાવવામાં આવ્યું કે રસી મુકાવવી જ જોઈએ. માસ્ક પણ બાંધવું જ જોઈએ જયાં સુધી એટલે કે એકાદ મહિના સુધી કોરોનાના કેસ ન દેખાય ત્યાં સુધી માસ્ક પહેરવો જ જોઈએ. સોશિયલ ડિસ્ટન્સીંગ રાખવું જ જોઈએ. એવું નથી કે કોરોનાની રસી લીધા પછી કોરોના નાશ થાય. કોરોના થાય પણ કોરોનાની તીવ્રતા ઓછી હોય તો કોરોનાથી ઉદ્ભવતા ગંભીર પ્રશ્નો ન થાય. એટલે અત્યારે ૬૦ વર્ષથી ઉપરના વડીલોને રસી આપવામાં આવે છે એ લોકોને તો ખાસ રસી લેવી જ જોઈએ. તો પ્રશ્ન થાય કે ૬૦ વર્ષથી વચ્ચેના માણસોને રસીનું શું ? જે લોકોને ૬૦ વર્ષ નથી થયા છતાં પણ ડાયાબિટીસ હોય, બ્લડપ્રેશર હોય, અથવા તો બીજી કોઈ તકલીફ હોય, કેન્સર હોય, ફેફસાંની કઈ બિમારપી હોય તેવા યંગ લોકોને પણ ડૉકટર પાસે સાચું કારણ લખાવીને કોરોનાની રસી મુકાવી શકાય છે. સરકારે સરકારી હોસ્પિટલોમાં તદ્દન મફત રસી મુકે છે. એ સિવાય ખાનગી જગ્યાઓ ઉપર પણ રસી મુકાવી શકાય છે. ખાનગી જગ્યાઓ ઉપર માત્ર રૂા. ૨૫૦ લઈને રસી મુકવામાં આવે છે. ગાંધીનગરમાં સરકારી હોસ્પિટલ, સેકટર-૧૨ ખાતે સેકટર-૨ના દવાખાનામાં મફત રસી મૂકવામાં આવે છે.

જયારે આશકા હોસ્પિટલમાં રૂા. ૨૫૦ લઈને રસી મૂકવામાં આવે છે. ગાંધીનગર નજીક ગોયેન્કા હોસ્પિટલમાં ૨૫૦ રૂપિયા લઈને રસી મુકવાનું કામ ચાલું છે. ત્યાં પેલા રજીસ્ટ્રેશન કરાવેલું હોય કે ન હોય તો આધારકાર્ડ લઈને દરેક જગ્યા ઉપર આધારકાર્ડ પુરાવા સાથે રસી મૂકવામાં આવે છે. હવે પ્રશ્ન એ થાય કે કોરોનાની રસી કયાં સુધી કામ કરે? કોરોનાની રસીના બે ડોઝ લેવાના હોય છે. આજે તમે રસીનો ૧ ડોઝ લીધેળલો હોય તો બીજો ડોઝ ૨૮ દિવસે લઈ શકાય, ૨ ડોઝ લીધા પછી અઠવાડિયા પછી એન્ટી બોડી કેટલા થયા છે તેનો કોરોના એન્ટીબોડી કરાવીને ટેસ્ટ કરી શકાય. હવે પ્રશ્ન છે કે આ એન્ટી બોડી શરીરમાં કયા સુધી રહી શકે. સામાન્ય રીતે ૧ વર્ષમાં કોરોનાના એન્ટીબોડી લીધા પછી રહી શકે. ૧ વર્ષ પછી એન્ટીબોડીનો ટેસ્ટ કરાવીને જરૂર હોય તો અથવા તો નિયમ પ્રમાણે ફરીથી સરકારની ગાઈડલાઈન મુજબ ફરીથી રસી મુકાવવી પડે.

# મહર્ષિ દયાનંદ : વીરતા, દ્રઢતા અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ટંકારા (જિલ્લો મોરબી)માં એક સુંદર ગીતની પંક્તિઓ બાળપણમાં સાંભળી હતી જે હજુ સ્મૃતિમાં છે.

ધન્ય હૈ તુજકો ઐ ઋષિ,
તુને હમે જગા દીયા
સો સો કે લૂંટ રહેથે હમ,
તુને હમે બચા લીયા.

દેશના અનેક ભાઈ-બહેનોને ધર્મની ગતાનુગતિક્તા કે વિધિ વિધાનથી દૂર કરીને ધર્મનું ખરા અર્થમાં દર્શન મહર્ષિએ કરાવ્યું હતું. ધર્મની અનેક બાબતો જ્યારે સાંપ્રદાયિક્તાના સાંકડા વર્તુળમાં સંકેલવામાં આવે છે ત્યારે ધર્મનું મૂળ સ્વરૂપ બદલાય છે. એજ રીતે ધર્મને નામે જ્યારે ફીરકા પરસ્તીનો વ્યાપ થાય છે ત્યારે પણ ધર્મ પોતાનું મૂળ પોત ગુમાવી બેસે છે. કવિ મકરંદ દવેની સુંદર પંક્તિ છે :

દોસ્તો, સફરના સાથીઓ !
એ દેશની ખાજો દયા,
જ્યાં ધર્મનો છાંટો નહિ
ફીરકા છતાં ફાલી રહ્યા.

જોકે ઈતિહાસમાંથી બીજી એક બાબત પણ સામે આવે છે. ધર્મમાં જ્યારે કોઈ નબળાઈઓનો પ્રવેશ થાય ત્યારે તે દૂષણ કે નબળાઈઓને સામી છાતીએ પડકારનારા લોકો સમાજમાંથીજ ઊભા થાય છે. પોતાનું સર્વસ્વ હોડમાં મૂકીને તેઓ ધર્મનો આદર કરવા સાથેજ તેની નબળી બાજુઓને પાયામાંથી પડકારે છે. આવા સંતો – સંન્યાસીઓ કે કેટલાક કિસ્સામાં ગ્રહસ્થીઓ પણ એક બળવાખોરનો મીજાજ પ્રગટ કરે છે. ધર્મના માનવકલ્યાણના વિશુધ્ધ સ્વરૂપના તેવા લોકો આરાધકો છે. ઉદાહરણ તરીકે જે તે કાળમાં બુધ્ધ તથા મહાવીર આવાજ એક જાગૃત આલોચક બનીને કેટલીક પ્રવર્તમાન બાબતોને મૂળમાંથી પડકારી અને સમાજને એક નૂતન દિશાનું દર્શન કરાવ્યું. કબીર સાહેબે પણ શુધ્ધ ધર્મ કે સત્યના આચરણને બાઝી ગયેલા જાળા દૂર કરવા આજીવન પ્રયાસ કર્યો. તર્કબધ્ધ અને ધારદાર છતાં સરળ – સુગમ વાણીના માધ્યમથી તેઓ જનસાધારણ સુધી પહોંચી શક્યા. પ્રચંડ તેજસ્વી પ્રતિભા ધરાવનારા મહર્ષિ દયાનંદ એ આવાજ એક જાગૃત સન્યાસી હતા. સમાજમાંથી ધર્મ સાથે જોડાયેલા તમામ પાખંડોને તેમણે છડેચોક પડકાર્યા હતા. સૌરાષ્ટ્રના ટંકારામાં જન્મેલા આ તેજપુંજ સમાન સન્યાસીએ આજીવન આ પ્રકારનું કાર્ય નિષ્ઠા અને નિડરતાના હથિયારો સાથે કર્યુ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને લખ્યું હતું : "જ્યારે આધ્યાત્મિક અવ્યવસ્થા, સામાજિક કુરીતિઓ તેમજ રાજનૈતિક ગુલામીએ દેશને જકડી લીધો હતો ત્યારે મહર્ષિ દયાનંદે દેશના રાજનૈતિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ઉધ્ધારનું બીડું ઉપાડ્યું." (સ્વામી દયાનંદ : જીવન ચરિત્ર : લેખક દયાલ મુનિ) મહર્ષિનો જન્મ ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૫માં થયો હોવાનું નોંધાયું છે. આજીવન સંઘર્ષ કરીને સ્વામીજીએ ધર્મના નબળા પાસાઓ પર અસરકારક પ્રહારો કર્યા હતા.

ગુરુ વિરજાનંદને પોતાના સૂર્ય સમાન તપસ્વી શિષ્ય પાસે ઘણાં મોટા કાર્યોની અપેક્ષા હતી. લાંબાગાળાની પરાધિનતા બાદ દેશની હાલત બદતર બની હતી. વાડા – સંપ્રદાયો – પાખંડો સામે લડવા માટે એક વિચારક તેમજ પ્રખર શક્તિ ધરાવતા બળની આવશ્યક્તા હતી. ધર્મ સાથે જે વાડાબંધી તેમજ જાતિ અથવા જન્મ આધારીત વ્યર્થ ભેદભાવ પ્રવર્તતા હતા તેને દૂર કરવાની તાતી જરૂરિયાત પ્રજ્ઞાચક્ષુ ગુરુ વિરજાનંદ જોઈ શકતા હતા. ગુરુને આ કાર્ય દયાનંદ કરી શકશે તેવી પૂર્ણ શ્રધ્ધા હતી.

મહર્ષિ દયાનંદ એક સમર્થ વિચાર પુરુષ હતા. તેમની વાતોમાં હમેશા સચ્ચાઈ સાથેજ તર્કનો સુમેળ જોઈ શકાય છે. મહર્ષિના વિચારો આજના સંદર્ભમાં પણ એટલાંજ ઉપયોગી તથા માર્ગદર્શક છે. પાખંડ સામે મહર્ષિએ સામી છાતીએ ઉપાડેલો ખુલ્લો સંઘર્ષ એ જેમ કાળની જરૂરિયાત હતી તેમ આજના કાળની પણ જરૂરિયાત છે. પાખંડ, ગતાનુગતિક વિધિ વિધાનો કે અંધશ્રધ્ધાના બંધનોમાંથી આપણે આજે પણ મુક્ત થયા નથી. સદીઓ સુધી માત્ર જન્મના આધારે મંદિરોમામાં પ્રવેશ આપવાની આપણી પ્રથા દૂર કરાવવા માટે મહાત્માગાંધી જેવા અનેક લોકોએ લડત ચલાવી. મહર્ષિ આ બાબતમાં સ્પષ્ટ હતા. આર્યસમાજમાં તમામ લોકોનો સાર્વત્રિક સ્વીકાર છે. હજુ પણ આપણે કેટલાક અહેવાલો વાંચીએ છીએ કે જોઈએ છીએ કે જેમાં દેખીતી અંધશ્રધ્ધાને બળ મળતું રહે છે. કોઈ મૂર્તિ સદેહે હોય તેમ ભક્તોનું દૂધ ગ્રહણ કરે અને આ દૂધનો પ્રસાદ ધરવા માટે લોકો લાંબી કતારોમાં ઊભા રહે તે બાબત પણ ધ્યાન ખેંચનારી છે. શ્રધ્ધા એ માનવજાતીને મળેલી અમૂલ્ય બક્ષીસ છે. પરંતુ અંધશ્રધ્ધાએ સમાજને ઘણું નુકસાન કરેલું છે. બહેનોને અમૂક મંદિરોમાં પ્રવેશ ન આપવાની પ્રથા વિશાળતાને અનુરૂપ નથી. સંતવાણીમાં તો સંતોએ મુક્ત મને ગાયું છે :

જાતિ પાતિ પૂછે નહિ કોઈ,
હરિકો ભજે સો હરિકા હોઈ.

મહર્ષિએ જોયું કે બ્રિટીશ સરકારે જે કેળવણી પ્રથા દાખલ કરી હતી તે જનતામાં ગુલામીનું માનસ ઊભું કરવામાં તેમજ તેને મજબૂત કરવામાં કારણભૂત બન્યું હતું. આથી સ્વામીજીએ ભારતીય જીવન તેમજ શિક્ષણ પ્રથાને અનુરૂપ કેળવણીની સંસ્થાઓ શરૂ કરી. ગુરુકૂળો ઊભા કર્યા અને શિક્ષણની વૈકલ્પિક વ્યવસ્થા કરાવી. આ કાર્ય મહાત્મા ગાંધીએ પણ એક સદી પહેલા ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને કર્યુ. સ્વામીજીનું નિરંતર ભ્રમણ તેમના વિચારોનો ત્વરીત પ્રસાર કરવા માટે કારણભૂત બન્યા. પ્રચંડ શારીરિક તેમજ માનસિક ઓજસ્વીતા ધરાવતા આ સન્યાસીની સિંહ ગર્જના દેશમાં તે કાળમાં વાયુવેગે પ્રસરી હતી. સ્વામીજી તેમના જીવનકાળના સતત પ્રવાસો દરમિયાન બંગાળમાં કેશવચન્દ્ર સેન તથા રવિન્દ્રનાથના પિતા દેવેન્દ્રનાથ ટાગોરને મળ્યા. મહાકવિ ટાગોરે મહર્ષિની પોતાના ઘરની મુલાકાતના સંભારણા લખ્યા છે. કેશવચન્દ્ર સેનની વ્હારુ સલાહને ધ્યાનમાં લઈ સ્વામીજીએ હિન્દીમાં પણ પ્રવચનો આપવાનું શરૂ કર્યુ. સંસ્કૃતમાં પ્રવચનો થતાં તે વિશાળ વર્ગની સમજ બહાર હતા. વૈદિક ધારાને અનુસાર જન ઉપયોગી કાર્યો થતા રહે તે માટે એક સંસ્થાગત માળખું સ્વામીજીએ વિકસાવ્યું. આપણે તેને આર્યસમાજ તરીકે જાણીએ છીએ. એપ્રિલ-૧૮૭૫માં મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરવામાં આવી. સ્વામીજીએ આર્યસમાજ સંસ્થાનું પ્રમુખપદ સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી. ઉપરાંત પોતાનો ફોટો પણ આર્યસમાજ મંદિરમાં સ્થાપિત કરવા અનુમતી ન આપી. માત્ર મનોબળ, સત્ય અને તર્કના બળે સિંહનાદ કરનાર આ સન્યાસી આપણાં માટે સ્થાયી શ્રધ્ધાનું કેન્દ્ર છે.

# પ્રજાતંત્રવાદી જન્મથી જ શિસ્તવાદી હોય



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

> **ખરેખરો હક એક જ છે, પોતાની ફરજ અદા કરવાનો**

વૈશ્વિક દૃષ્ટિએ જો આપણે સમજીએ તો લોકશાહી સ્થાપવાની વાત સદીઓથી લોકનો વિચાર હતો. સોક્રેટિસ અને પ્લેટોએ પણ લોકશાહીની વાત સ્પષ્ટ કરી હતી. પ્લેટો તો 'ધ રિપબ્લિકન'માં ડેમોક્રેટીવ સિસ્ટમ સ્થાપવા માટે શું કરવું જોઈએ એની શિખ પણ આપે છે. ગુલામીને જાકારો અને મુક્તતાએ દુનિયાની કાળી ગોરી અને તાંબા વરણી પ્રજાનો અવાજ હતો અને રહેશે. પણ દુનિયાના અનેક વિચારકોમાં ગાંધી લોકશાહીને કેવી રીતે ગણે છે એ આપણે સમજવા જેવું છે પ્રસ્તુત લેખમાં ભારતની લોકશાહી ગાંધીના શબ્દોમાં અક્ષરઃ રજૂ કરી છે :

ગાંધી લખે છે, મારી લોકશાસનની કલ્પના એવી છે કે તેની હેઠળ નબળામાં નબળાને સૌથી સબળાના જેટલી જ તક હોવી જોઈએ. કેવળ અહિંસા દ્વારા જ આ થઈ શકે, બીજી રીતે નહીં. આજે દુનિયાનો કોઈ દેશ નબળાને માટે મુરબ્બીવટભરી રહેમ નજર વિના બીજી વૃત્તિ બતાવતો નથી... પાશ્ચાત્ય લોકશાસન આજે જેવું છે તે સ્વરૂપમાં તે હળવા નાઝીવાદ કે ફાસીવાદથી જ નથી. બહુ તો સામ્રાજ્યવાદની નાઝી કે ફાસિસ્ટ વલણોને ઢાંકવાનો એ માત્ર એક અંચળો છે...

સાચું એટલે કે હિંસા વિનાનું લોકશાસન ખીલવવા હિંદ પ્રયાસ કરી રહ્યું છે. અમારાં હથિયાર સત્યાગ્રહનાં છે જેનાં પ્રતીક રેટિયો, ગ્રામોદ્યોગ, હાથહુન્નર દ્વારા શિક્ષણ, અસ્પૃશ્યતાનિવારણ, કોમી સંપ, દારૂબંધી અને અહિંસાને ધોરણે મજૂર વર્ગોનું સંગઠન – જેવું અમદાવાદમાં ચાલી રહ્યું છે– વગેરે છે. આનો જ અર્થ સામુદાયિક પ્રયાસ અને સામુદાયિક શિક્ષણ અને તાલીમ છે. આ પ્રવૃત્તિઓ ચલાવવા સારુ અમારે ત્યાં મોટા મોટા સંઘો છે. બધા કેવળ સ્વયંસેવાના પાયા ઉપર ઊભા થયેલા છે અને નીચલામાં નીચલા થરના દરિદ્ર લોકોની સેવા એ જ તેમનું એકમાત્ર પીઠબળ છે.

લોકશાહીમાં પ્રજાની ભૂમિકા દર્શાવતા કહે છે, પ્રજાતંત્રવાદી જન્મથી જ શિસ્તવાદી હોય. માનવી અગર દેવી એવા તમામ કાયદાઓને જે સ્વેચ્છાએ પાળનારો છે, તેને જ પ્રજાતંત્ર દે છે. હું સ્વભાવે તેમ જ શિક્ષણ પ્રજાતંત્રવાદી હોવાનો દાવો કરે છે. જેમને પ્રજાતંત્રની સેવાની મહત્ત્વાકાંક્ષા છે તેઓ પ્રથમ પ્રજાતંત્રની આ કસોટીમાં પાસ થાય. વળી પ્રજાતંત્રવાદી સાવ નિઃસ્વાર્થી હોવો જોઈએ. તેણે પોતાની અગર પોતાના પક્ષની દૃષ્ટિએ નહીં પણ સમસ્ત પ્રજાના તંત્રની દૃષ્ટિએ બધું વિચારવું જોઈએ, બધાં સ્વપ્નાં ઘડવાં જોઈએ. ત્યારે જ સવિયભંગનો તે અધિકારી બને છે...

વ્યક્તિ સ્વાતંત્ર્યની મને કિંમત છે. પણ માણસ મૂળે સામાજિક જ પ્રાણી છે તે ન ભૂલવું જોઈએ. સામાજિક પ્રગતિની જરૂરિયાતોને વ્યક્તિરૂપે બંધબેસતા થવાનું શીખતાં શીખતાં જ તે આજની સ્થિતિએ પહોંચ્યો છે. નિરંકુશ વ્યક્તિ સ્વાતંત્રય એ તો જંગલના પશુનો જીવનનિયમ છે. આપણે વ્યક્તિ સ્વાતંત્રય અને સામાજિક અંકુશ વચ્ચે મધ્યમમાર્ગ કાઢતાં શીખ્યા છીએ. સામાજિક અંકુશોનો આખા સમાજના કલ્યાણના હિતની દૃષ્ટિએ સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરવામાં જ વ્યક્તિનો તેમ જ સમાજનો અભ્યદય રહેલો છે.

જે પ્રજા પોતાની ફરજો અદા કરતાં શીખશે તેમને તેમના હકો તેમાંથી આપમેળે મળી આવવાના જ છે. ખરેખરો હક એક જ છે અને તે પોતાની ફરજ અદા કરવાનો. બધા ન્યાપ્ય હકો આમાં આવી જાય છે. બાકી બધો એક કે બીજા રૂપમાં લોભ જ છે, અને તેના ગર્ભમાં હિંસાનાં બીજ પડેલાં હોય છે.

લોકશાહીમાં વ્યક્તિની ઈચ્છાનું નિયમન સમાજની ઈચ્છાથી થાય છે, વ્યક્તિની ઈચ્છા પર સમાજની ઈચ્છાની મર્યાદા મૂકવામાં આવે છે. એ સમાજની ઈચ્છા અથવા સંકલ્પનો અમલ રાજ્ય કરે છે કેમ કે રાજ્યનો વહીવટ પ્રજા જ પોતાના હિતને ખાતર કરે છે. દરેક વ્યક્તિ કાયદાનો અમલ પોતે કરવા મંડી જાય તો પછી રાજ્ય સંસ્થા જેવું કંઈ રહેતું નથી; એ અંધેર કહેવાય એટલે કે એમાં સમાજના કાયદાનો અથવા રાજ્યનો અભાવ હોય. એ રસ્તો સ્વતંત્રતાના વિનાશનો છે. તેથી આપણે સૌએ આપણા ગુસ્સા પર કાબૂ રાખવો જોઈએ અને ન્યાય મેળવવાનું કામ રાજ્યને હસ્તક છોડી દેવું જોઈએ.

ગાંધીની એક સરસ વાતનો ઉલ્લેખ જરૂરી છે, ગાંધી લખે છે : સરકારની કોઈ ભૂલ થઈ હોય તો તે તરફ તેનું ધ્યાન ખેંચવાની લોકશાહી રાજ્યપદ્ધતિમાં પ્રજાની ફરજ છે અને એવી રીતે એક વાર સરકારનું તેની ભૂલ તરફ ધ્યાન દોરીને પ્રજાએ સંતોષ માનવો જોઈએ. પ્રજાની મરજી હોય તો સરકારને રુખસદ આપવાનો તેને અખત્યાર છે. પણ તેની સામે નકામી ચળવળ ઉપાડી તેના કામમાં પ્રજા બાધા ન કરે.

આપણી સરકારે લશ્કરના જોર પર આધાર રાખનારી નથી. સરકારે તાકાત અને આધાર પ્રજા પાસેથી જ મેળવવાના રહે છે.